જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૨/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૫૬૧/૧૭

## મોબાઇલ ફોનના મુદ્દામાલ સાથે એક ઇસમને પકડી લઇ વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર. એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથામદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સબંધી બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારૂં આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પો.સ.ઇ.શ્રીએમ.કે.ઝાલા તથા પોસઇ શ્રી બી.ડી.ભટ્ટ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન હે.કો.સંજીવકુમાર દશરથભાઇ તથા હે.કો.જગદીશભાઇ ભાઇલાલભાઇ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેર પાલડી ચાર રસ્તા પાસેથી આરોપીવિશાલ પ્રવિણભાઇ પટેલ ઉવ.૨૩ ધંધોઃમજુરી રહે, ગામ:નેસડા, પટેલ ફળિયુ, તા.ધોળકા જી.અમદાવાદ નાઓને ઝડપી લેવામાં આવેલ. જેઓની અંગઝડતી તપાસ કરતાં તેઓની પાસેથી એક આઇફોન કંપનીનો મોબાઇલ કિ.રૂ.૨૫,૦૦૦/- મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે જેઓની પુછપરછ કરતાં જણાવેલ કે, એકાદ મહીના અગાઉ પોતે વી.એસ.હોસ્પિટલના પાર્કિંગમાંથી રાત્રીના સમયે ચોરી કરવાના ઇરાદે ગયેલ અને ત્યાં એક કારમાં એક ભાઇ સુઇ ગયેલ હતા અને તેની બાજુની સીટમાં એક આઇફોન કંપનીનો ફોન પડેલ હોય અને દરવાજાનો કાચ થોડો ખુલ્લો હોય ડ્રાઇવર સીટમાં ઉંઘેલ માણસને ખબર ના પડે એ રીતે તે મોબાઇલ ફોનની ચોરી કરી ઘરે જતો રહેલાની હકીકત જણાવેલ.
બાબતે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૩૩/૧૭ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય સદરી આરોપીનેઆજરોજ તા.૨૧/૧૨/૨૦૧૭ ના કલાક૧૮/૦૦વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડીમુજબ પકડી અટક કરીવધું તપાસ અર્થે એલીસબ્રીજપોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

<u>પ્રોહીબીશનનાં બે ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી</u>

<u>અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ</u>

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથામદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સબંધી બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોસઇ શ્રી એન.એન.રબારી તથા પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી બી.ડી.ભટ્ટ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાનહે.કો.રાજેન્દ્રકુમાર હીરાલાલ તથા હે.કો.નારસિંહ રામસિંહ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેર નારોલ ચાર રસ્તા બ્રીજ પાસેથી આરોપી નદીમખાન ઉર્ફે પોટલી s/o નસીમખાનપઠાણ ઉવ.૨૪ ધંધોઃમજુરી રહે, ૧૩, સુફીયાપાર્ક, ગ્રીન પાર્ક પાસે, સદાની ધાબી, વટવા, અમદાવાદ શહેર વાળાને ઝડપી લેવામાં આવેલ. જેની પુછપરછ કરતાં પોતે વટવા પોલીસ સ્ટેશનમાં દેશી દારૂના ગુનામાં નાસતો ફરતો હોવાની હકીકત જણાવેલ.ઉપરોકત બાબતે તપાસ કરાવતાં(૧) વટવા પ્રોહી.ગુ.ર.નં.૫૪૯૭/૨૦૧૭પ્રોહી એક્ટ કલમ ૬૬(બી), ૬૫(ઇ) મુજબ (૨) વટવા પ્રોહી.ગુ.ર.નં.૫૫૧૩/૨૦૧૭પ્રોહી એક્ટ કલમ ૬૬(બી), ૬૫(ઇ) મુજબના ગુના દાખલ થયેલ હોય અને સદર આરોપી વોન્ટેડ હોય સદરી આરોપીને આજરોજ તા.૨૧/૧૨/૨૦૧૭ ના કલાક૧૯/૩૦વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરીવધું તપાસ અર્થે વટવા પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

**રામોલ પોલીસ સ્ટેશન :**

## ઇગ્લીંશ દારુની હેરાફેરી કરતા ઇસમને પકડી કિ.રુ. ૪,૬૪,૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

### ગણનાપાત્ર

ઉપરી અધિકારી શ્રી નાઓ તરફથી મળેલ સુચના તેમજ અમોએ કરેલ સુચના આધારે પ્રોહીની હેરાફેરીની પ્રવુતી તથા અસામાજીક પ્રવુતિ સાથે સંકળાયેલ ઇસમો વિરુધ્ધમા કાયદેસર કાર્યવાહી કરવી જે સુચના આધારે સર્વેલંસ સ્કોડના પો.સ.ઇ એ.ઓ.ભરવાડ સાહેબ નાઓ સ્ટાફના માણસોની સાથે પેટ્રોલીગમાં નિકળેલ અને ફરતા ફરતા કલાક ૨૨/30 વાગે વસ્ત્રાલ રીલાયંસ પેટ્રોલપંપ સામે રોડ પર આવતા સાથેના પોકો કીરીટસિહ મહોબતસિહ નાઓએ બાતમી હકીક્ત આપેલ કે ઓઢવ સર્કલ તરફથી એક સફેદ કલરની વર્ના ગાડી નં. જી.જે.૦૧ એચ.પી. ૧૭૯ નો ચાલક પોતાના કબજાની ગાડીમાં કેટલોક ઇગ્લીશ દારુનો જથ્થો રાખી આવી અત્રે થઇને હાથીજણ સર્કલ તરફ જનાર છે જે બાતમી હકીક્ત આધારે પોસ.ઇ નાઓએ બે પંચોને બોલાવી હકીક્ત સમજાવી પંચોની સાથે સદરી જગ્યાએ છુટા છવાયા સદરી ગાડીની વોચમાં હાજર રહી ગાડીને રોકી ગાડીમાંથી ઇગ્લીંશ દારુની બોટલ નંગ. ૬૧૨ (૫૧પેટી) કિમત રુપિયા ૨,૧૪,૨૦૦/00 તથા હુંડાઇ વરના કાર જી જે ૦૧ એચ પી-૧૭૯ જેની કિરુ ૨,૫૦,૦૦૦/00 કુલ્લે રુપિયા ૪,૬૪,૨૦૦/00/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી (૧) સોવિન્દ્રસિગ દેવેન્દ્રસિગ રાજપુત ઉવ ૨૧ રહે મનં ૧૮૩ ખોડીયાર જ્યોત સોસાયટી ડાયમંડ મીલની પાછળ રામદેવ ટેકરા ઠક્કર બાપા નગર અમદાવાદ નાઓને તા.૨૧/૧૨/૧૭ ના કલાક ૨૩/30 વાગે પકડી કાયદેસરની કાર્યવાહી કરી પો.સ.ઇ એ.ઓ.ભરવાડ સાહેબ નાઓએ વધુ તપાસ હાથ ધરેલ છે.





**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.